# રાજ્યમાં નવા ૫૭૨ કેસ, વધુ ૨૫નાં મોત

## અમદાવાદમાં ૨૧૫ કેસ : કોરોનાના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૭૩૬ : ૭૦ દર્દીઓ વેન્ટીલેટર પર

ગાંધીનગર,તા.૨૪

રાજ્યમાં કોરોના વાયરસના દરરોજના સતત ૫૦૦થી વધુ કેસો સપાટીએ આવી રહ્યા છે. આજે ૧૨માં દિવસે પણ છેલ્લા ૨૪ કલાકમાં ૫૭૨ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમીતનો આંકડો ૨૯ હજારને પાર થઈ ૨૯૦૦૧ થયો છે. રાજ્યમાં કોરોનાને લીધે વધુ ૨૫ વ્યક્તિઓના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૭૩૬ રાજ્યમાં થયો છે. આજે ૫૭૫ વ્યક્તિઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં ડિસ્ચાર્જ થવાનો કુલ આંકડો ૨૧ હજારને પાર થઈ ૨૧૦૯૬ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ વેન્ટીલેટર પર ૭૦ દર્દી છે. રાજ્યમાં સતત કોરોના મહામારી ફેલાઈ રહી છે. હાલમાં રાજ્યના ૮ કોર્પોરેશન વિસ્તાર અને ૨૬ જિલ્લામાં કોરોના મહામારી વિસ્તરી ચુકી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫, સુરત કોર્પોરેશનમાં ૫, પાટણમાં ૨, જામનગર કોર્પોરેશનમાં ૧, સાબરકાંઠામાં ૧ અને ગીર સોમનાથમાં ૧ એમ ૨૫ દર્દીઓના મોત થયા છે. અમદાવાદમાં આજે કોવિડ-૧૯ના ૨૧૫ કેસ નોંધાયા છે. જે બે મહિનાની સરખામણીમાં સૌથી ઓછા કેસ કહેવાય. આ સાથે અમદાવાદ કોર્પોરેશન અને જિલ્લામાં કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૧૯૬૦૧ થયો છે અને વધુ ૧૫ મોત નોંધાતા ૧૩૭૮ થયા છે, આજના ૪૦૦ સાથે ૧૪૮૦૦ જેટલા દર્દીઓને કુલ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં બીજા ક્રમાંકે સુરતમાં આજે સતત પાંચમાં દિવસે સૌથી વધુ પોઝિટિવ કેસ ૧૭૨ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૩૭૧૨ અને ૨૪ કલાકમાં વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૧૩૯ થયો છે. વડોદરા કોર્પોરેશન અને જિલ્લામાં ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના ૪૫ દર્દી ઉમેરાતા કુલ સંક્રમીતનો આંકડો ૧૯૮૫ થયો છે. જ્યારે ગાંધીનગર કોર્પોરેશન અને જિલ્લામાં થઈ વધુ ૭ દર્દી કોરોનાના આજે ઉમેરાતા ૫૮૭ કુલ સંક્રમીતનો આંકડો થયો છે. રાજ્યમાં અન્ય જિલ્લા અને કોર્પોરેશનમાં આજે નોંધાયેલા કોરોનાના કેસ આ મુજબ છે. જામનગર કોર્પોરેશન ૧૨ અને જિલ્લામાં ૧, ભરૂચમાં ૧૦, રાજકોટ કોર્પોરેશનમાં ૯ અને જિલ્લામાં ૪, આણંદ, પંચમહાલ, સુરેન્દ્રનગર, નર્મદામાં ૯, અરવલ્લીમાં ૭, નવસારીમાં ૬, કચ્છ, ગીરસોમનાથ અને વલસાડમાં ૫, મહેસાણા, અમરેલીમાં ૪, ભાવનગર કોર્પોરેશનમાં ૩, મહીસાગર, પાટણ, ખેડા, છોટા ઉદેપુરમાં ૩-૩ જુનાગઢ કોર્પોરેશન અને જિલ્લામાં ૨-૨ ભાવનગરમાં ૨, બનાસકાંઠા, સાબરકાંઠા, બોટાદ, જામનગર અને દાહોદમાં ૧-૧ નોંધાયા છે. રાજ્યમાં કુલ એક્ટીવ કેસ ૬૧૬૯ છે. જેમાં વેન્ટીલેટર પર ૭૦ અને સ્ટેબલ ૬૦૯૯ છે. રાજ્યમાં આજે ૫૭૫૪ ટેસ્ટ કરાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૩૪૦૦૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨,૨૯,૧૩૭ વ્યક્તિઓને ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨,૨૫,૨૫૧ હોમ ક્વોરોન્ટાઇન છે અને ૩૮૮૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઇન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૯૬૦૧ | ૧૩૭૯ | ૧૪૪૩૪ |
| સુરત | ૩૭૧૨ | ૧૪૫ | ૨૪૭૨ |
| વડોદરા | ૧૯૮૫ | ૪૭ | ૧૨૭૨ |
| રાજકોટ | ૨૦૧ | ૦૫ | ૯૭ |
| ગાંધીનગર | ૫૮૭ | ૨૫ | ૩૮૨ |
| ભાવનગર | ૨૧૩ | ૧૩ | ૧૩૯ |
| કચ્છ | ૧૨૨ | ૦૫ | ૮૭ |
| મહેસાણા | ૨૨૪ | ૧૦ | ૧૩૮ |
| ગીર-સોમનાથ | ૬૩ | ૦૧ | ૪૭ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૫૩ | ૧૫ | ૧૧૪ |
| પાટણ | ૧૫૨ | ૧૪ | ૯૯ |
| છોટાઉદેપુર | ૪૬ | ૦૨ | ૩૭ |
| જામનગર | ૧૬૦ | ૦૪ | ૭૦ |
| મોરબી | ૧૦ | ૦૧ | ૦૫ |
| સાબરકાંઠા | ૧૫૬ | ૦૮ | ૧૦૫ |
| આણંદ | ૧૬૭ | ૧૩ | ૧૩૯ |
| દાહોદ | ૫૩ | ૦૦ | ૪૩ |
| ભરૂચ | ૧૭૨ | ૦૬ | ૭૯ |
| બનાસકાંઠા | ૧૬૮ | ૦૮ | ૧૪૨ |
| ખેડા | ૧૨૬ | ૦૫ | ૯૪ |
| બોટાદ | ૭૭ | ૦૨ | ૬૨ |
| નર્મદા | ૬૮ | ૦૦ | ૩૦ |
| અરવલ્લી | ૧૮૪ | ૧૫ | ૧૪૪ |
| મહીસાગર | ૧૩૩ | ૦૨ | ૧૧૦ |
| નવસારી | ૫૯ | ૦૧ | ૩૮ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૮૦ | ૦૩ | ૪૭ |
| જૂનાગઢ | ૭૦ | ૦૧ | ૪૩ |
| સુરેન્દ્રનગર | ૧૦૪ | ૦૪ | ૫૦ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦ | ૦૧ | ૧૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૫૧ | ૦૬ | ૨૧ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૯૦૦૧ | ૧૭૩૬ | ૨૧૦૯૬ |

# સરકારના આદેશ વચ્ચે અમદાવાદની સ્કૂલોની દાદાગીરી

**હવે વાલીઓ ફી નહીં ભરે તો વિદ્યાર્થીનું એડમિશન રદ થશે : સરકાર દ્વારા ઘડવામાં આવેલા કાયદાને તમામ શાળાઓ ઘોળીને પી ગઈ, ઊંચી ફી ઉઘરાવતી શાળાઓને અંકુશમાં લેવા સરકાર સદંતર નિષ્ફળ રહી**

અમદાવાદ, તા. ૨૪

કોરોના મહમારીમાં મધ્યમ વર્ગના લોકોની પરિસ્થિતિ હાલ ખૂબ જ કફોડી જોવા મળી રહી છે. ત્યારે આ મહામારીને લઈ સરકાર દ્વારા રાજયની તમામ શાળાઓમાં ફી રાહત આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરતું હજી પણ શહેરની ઘણી શાળાઓમાં બાળકોની ફી માં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. સરકાર દ્વારા ઘડવામાં આવેલા કાયદાને તમામ શાળાઓ ઘોળીને પી ગયા હોય તેવું લાગી રહ્યું છે. આ ઊંચી ફી ઉઘરાવતી શાળાઓને અંકુશમાં લેવા સરકાર નિષ્ફળ રહી છે.

રાજ્યની કેટલીક ખાનગી શાળાઓ ચાલુ વર્ષની શૈક્ષણિક ફી લેવા માટે વાલીઓ પર દબાણ કરતી હોવાની રજૂઆતો અને અહેવાલોના પગલે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ થોડાક દિવસો પહેલા સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ શાળા સંચાલકો વિદ્યાર્થીઓ કે વાલીઓને ચાલુ વર્ષની શૈક્ષણિક ફી તાત્કાલિક વસૂલ કરવા દબાણ કરી શકશે નહીં. ૧૩મી એપ્રિલના રોજ રાજ્યના શાળા સંચાલક મંડળના આગેવાનોની રાજ્ય સરકાર સાથે થયેલી સમજૂતી મુજબ વાલીઓ શૈક્ષણિક ફી આગામી સપ્ટેમ્બર માસ સુધીમાં, માસિક હપ્તા કે પોતાની અનુકૂળતા મુજબ ભરી શકશે. આ સમજૂતી મુજબ જ શાળા સંચાલકોએ વાલીઓ પાસેથી ચાલુ વર્ષની શૈક્ષણિક ફી વસૂલ કરવાની રહેશે. આમ છતાં પણ જો કોઈ ખાનગી શાળાએ ફી અંગે કોઈ દબાણ કર્યુ હોવાની ફરિયાદ મળશે તેવા કિસ્સામાં શિક્ષણ વિભાગ જે-તે શાળા સામે નિયમાનુસાર કાર્યવાહી કરશે. જયાં આવી ફરિયાદ મળી છે ત્યાં નોટિસ આપવામાં આવી છે, તેમ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. પરતું સરકારની આ સૂચનાને શહેરની ઘણી એવી શાળાઓ ઘોળીને પી ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

શહેરની ઘણી શાળાઓમાંથી હાલ જ ફી ભરવા માટેની સૂચના આપવામાં આવી હતી, જેથી વાલીઓ પોતાના બાળકના ભવિષ્યની ચિંતા હોવાના કારણે તેઓએ જેમ તેમ કરીને શાળાને ફી આપી હોવાની ઘણી એવી ફરિયાદો સામે આવી રહી છે. થોડાક દિવસો પહેલા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, શૈક્ષણિક ફી સિવાયની ટ્રાન્સપોર્ટેશન, પુસ્તકો કે અન્ય સ્ટેશનરી અંતર્ગત પણ કેટલીક શાળાઓ ફી ઉઘરાવતી હોવાની ફરિયાદો મળતી હોય છે ત્યારે શાળાઓ યુનિફોર્મ, પુસ્તકો કે ટ્રાન્સપોર્ટેશન જેવી અન્ય કોઈપણ ફી માટે વાલીઓ પર દબાણ કરી શકશે નહીં અને જો આવું દબાણ થતું હોવાની ફરિયાદો મળશે તો તેની સામે પણ નિયમાનુસાર કાર્યવાહી કરાશે. શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, ૧૩મી એપ્રિલના રોજ શાળા સંચાલક મંડળના હોદ્દેદારો સાથે શિક્ષણ વિભાગની શાળાઓની ફી સંબંધે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં થયેલી સમજૂતી મુજબ સામાન્ય રીતે, પ્રતિ વર્ષ શૈક્ષણિક ફીમાં ૫ થી ૭ ટકાનો વધારો થતો હોય છે, તે વધારો ચાલુ વર્ષની કોરોનાની મહામારીના કારણે સર્જાયેલી સ્થિતિના કારણે વાલીઓને આર્થિક રાહત આપવા શાળાને મંજૂરી નહીં અપાય તેવો નિર્ણય પણ એફ.આર.સી. દ્વારા લેવાયો છે. આ નિર્ણયના કારણે વાલીઓને રાજ્ય સરકારે શૈક્ષણિક ફીમાં વધારો અટકાવી સારી એવી રાહત આપી છે, તેવું પણ જણાવ્યું હતું. શાળાઓ દ્વારા રાબેતા મુજબ જ ફી લેવામાં આવી રહી છે અને ઘણી શાળાઓમાં તો ૧૦ ટકાનો ફી માં વધારો પણ કરવામાં આવી રહ્યો છે.



વરસતો વરસાદ હોય... વાતાવરણમાં ભીની માટીની ખુશ્બુ હોય અને ગરમાગરમ મકાઈનો સાથ હોય તો આથી રૂડુ બીજુ શુ હોય... આંખની સામે દેખાતુ આ સ્વપ્ન ઝડપથી પુરૂ થાય તે માટે હવે માત્ર વરસાદનો જ ઈન્તજાર છે. મકાઈની લારીઓ તો ક્યારનીય માર્ગોની આસપાસ ગોઠવાઈ ગઈ છે. લારીઓવાળાને પણ હવે વરસાદ અને તે સાથે જ ખેંચાઈ આવતા ગ્રાહકોનો ઈન્તજાર છે... વહેલો આવજે વરસાદ...

# અમારી સાથે મોટી રમત રમાઈ ગઈ છે : મહંત દિલીપદાસજી

અમદાવાદ, તા. ૨૪

૧૪૩ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર રથયાત્રા ના નીકળતા અમદાવાદના જગન્નાથ મંદિરના મહંત દિલિપદાસજી મહારાજે આજે મોટું નિવેદન આપ્યું છે. દિલિપદાસજીએ જણાવ્યું હતું કે, જેમના પર ભરોસો રાખ્યો હતો તે ભરોસો તૂટી પડયો, અને અમારી સાથે મોટી રમત રમાઈ ગઈ. તેમણે જણાવ્યું હતું કે, મંગળા આરતી સુધી મંદિરને વિશ્વાસ હતો કે રથયાત્રા ચોક્કસ નીકળશે. પોતે ખોટા વ્યક્તિ પર વિશ્વાસ મૂકીને ભૂલ કરી, અને જેના પર ભરોસો રાખ્યો તેના કારણે જ ૧૪૩મી રથયાત્રા ના નીકળી શકી. દર વર્ષે મંદિર રથયાત્રા કાઢવા માટે પરમિશન મેળવતું હોય છે, અને તેના આધારે જ રથયાત્રા નીકળતી હોય છે.

જોકે, આ વખતે કોઈએ સપોર્ટ ના આપતા ભગવાન જગન્નાથની રથયાત્રા ના નીકળી શકી. ભારે દુઃખ વ્યક્ત કરતા દિલિપદાસજીએ જણાવ્યું હતું કે, જાણે શ્વાસ ચાલી રહ્યો છે, પરંતુ જીવ ચાલી ગયો છે. ભક્તોએ મંદિરમાં આવવાની જરૂર હતી, ભગવાન સૌનું છે તેમ કહેતા દિલિપદાસજીએ કહ્યું હતું કે હું બીજું કંઈ નથી સમજતો, બસ એટલું જ કહીશ કે ભરોસો તૂટતા પહેલીવાર ભગવાન નગરચર્યાએ ના નીકળી શક્યા. દિલિપદાસજીએ પોતે ખોટી વ્યક્તિ પર વિશ્વાસ મૂક્યો અને તેના કારણે જ આ બધું થયું તેમ કહેતા જ મહંતનો ભરોસો તોડનાર વ્યક્તિ કોણ હતી તેની પણ ચર્ચાઓ શરુ થઈ ગઈ છે. બીજી તરફ, જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ આ મામલે જણાવ્યું હતું કે, સીએમ વિજય રૂપાણીએ સાંજે કહ્યું હતું કે, રથયાત્રા નીકળશે, પરંતુ રાત્રે હાઈકોર્ટે તેના પર મનાઈ ફરમાવી દીધી હતી. દિલિપદાસજીએ એક વ્યક્તિએ ભરોસો તોડ્યો હોવાનું કહ્યું હતું પરંતુ તેનાથી અલગ ટોનમાં વાત કરતા ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ કહ્યું હતું કે એક વ્યક્તિએ ભરોસો તોડયો એવું કહેવું ઉચિત નથી.

# પબુભા માણેક સામે કથાકારોએ કાર્યવાહી કરવાની માગણી કરી

**ભગવાન શ્રીકૃષ્ણ સામે મોરારી બાપુએ વિવાદિત ટિપ્પણી કરતા હિન્દુ સમાજના લોકોમાં નારાજગી ફેલાઈ હતી**

રાજપીપળા, તા. ૨૪

સુપ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુએ ભગવાન શ્રીકૃષ્ણ વિરુદ્ધ વિવાદિત ટિપ્પણી કરતા કૃષ્ણ ભકતો સહીત હિન્દુ સમાજના લોકોમાં ભારે નારાજગી ફેલાઈ હતી. મોરારી બાપુ માફી માંગે એવી ભારે માંગ ઉઠી હતી. વિવાદ વધતા મોરારી બાપુ દ્વારકા ખાતે કૃષ્ણ ભક્તોની માફી માંગવા પહોંચ્યા હતા, દરમિયાન ભાજપ સાંસદ પૂનમ માડમ સહિત અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં જ દ્વારકાના પૂર્વ ધારાસભ્ય પબુભા માણેકે મોરારી બાપુ પર હુમલાનો પ્રયાસ કર્યો હતો, મોરારી બાપુ સાથે અસભ્ય ભાષામાં વર્તન કર્યું હતું. મોરારી બાપુના શ્રી કૃષ્ણ ભગવાન વિરુદ્ધ વિવાદિત ટિપ્પણીની જેમ જ મોરારી બાપુ સાથે ઘટેલી આ ઘટનાની પણ લોકોએ નિંદા કરી હતી. નર્મદા જિલ્લાના કથાકારો, કર્મકાંડી બ્રાહ્મણો, બ્રહ્મસમાજ, મંદિરના પૂજારીઓ અને પ્રબુદ્ધ નાગરિકોએ આ ઘટનાને વખોડી કાઢી પબુભા માણેક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે. કથાકારવિરંચી પ્રસાદ શાસ્ત્રી સહિત જિલ્લાના અન્ય કથાકારો, કર્મકાંડી બ્રાહ્મણો, બ્રહ્મસમાજ, મંદિરના પૂજારીઓએ નર્મદા જિલ્લા કલેકટર મનોજ કોઠારીને દ્વારકાના પૂર્વ ધારાસભ્ય પબુભા માણેક અને એમને ઉશ્કેરનાર વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહીની માંગ કરી હતી, તો સાથે સાથે બીજી વાર કોઈ સાથે આવી ઘટના ન ઘટે એવી માંગ કરી હતી. કથાકાર વિરંચીપ્રસાદ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, આ ઘટના જઘન્ય ઘટના છે, હજુ આપણે આદિમાનવ કક્ષાએથી આગળ વધી શક્યા નથી. ગુજરાતની પ્રજા તો પબુભા માણેકનો જાહેરમાં બહિષ્કાર કરી એમને સજા આપશે જ. પબુભા માણેક સામે એવી કાર્યવાહી થવી જોઈએ કે બીજી વાર આમ કરતા લોકો વિચાર કરે. પબુભા માણેકે સુપ્રિમ કોર્ટના આદેશથી હતપ્રધ બની સંત પર હુમલો કરી પોતાની હતાશા અને આક્રોશ ઠાલવ્યો છે એ ચલાવી લેવાય નહિ.

## સહકારી બેંકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરબીઆઈની શક્તિઓ જેમ અનુસૂચિત બેંક પર લાગુ થાય છે તેમ જ સહકારી બેંક પર પણ લાગુ થશે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, ૧૫૪૦ સહકારી બેંકને આરબીઆઈના સુપરવિઝનમાં લાવવાથી અનેક ખાતાધારકોને ફાયદો મળશે. આ બેંકોના ૮.૬ કરોડથી પણ વધારે થાપણદારોને આશ્વાસન અપાશે કે આ બેંકોમાં જમા ૪.૮૪ લાખ કરોડ રૂપિયા સુરક્ષિત રહેશે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ખૂબ જ મહત્વના નિર્ણયો લેવાયા છે. અંતરીક્ષ વિજ્ઞાન ક્ષેત્રે ભારે મોટા સુધારા કરવામાં આવ્યા છે. આજ સુધી આપણે અંતરીક્ષમાં સારો વિકાસ કર્યો છે અને હવે તે એક રીતે બધાના ઉપયોગ માટે ખોલવામાં આવી રહ્યા છે. તે સિવાય કુશીનગર એરપોર્ટને આંતરરાષ્ટ્રીય વિમાની મથક ઘોષિત કરવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી.

કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું કે કેન્દ્રીય કેબિનેટે અન્ય પછાત વર્ગોમાં પેટા વર્ગીકરણના મુદ્દાની તપાસ માટે બનાવવામાં આવેલા પંચના કાર્યકાળના વધારાને અને છ મહિના સુધી એટલે કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ ને મંજૂરી આપી દીધી છે.

## મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

મારી વાર્તા આયોજકોને પહોંચી કે નહીં એ રામ જાણે. ઓનલાઈન કાવ્યો રજૂ કરવામાં અને માણવામાં જે મઝા પડે છે એના કરતાં જે છબરડાઓ વળે છે તે જોવાની ભારે મઝા પડે છે. કોઈવાર આવા ઓનલાઈન સંમેલનનો જુદો લેખ લખવા જેવો ખરો.

''વિશ્વવિહાર'' મેગેઝીનમાં શ્રી રતિલાલ બોરિસાગરનો લેખ'' લોકડાઉનના લેખાંજોખાં'' વાંચીને મને પણ કશુંક લખવાનું મન થયું અને આટલું લખી શકાયું. હજુ ગૃહજીવનની વાતો, મંદિરના ઓટલાની વાતો, નવી નવી રસોઈની વાતો, માવા માટે ગાંડા થતા વ્યસનીઓની વાતો, વિધ્યાર્થીઓ વગર શાળામાં એકલાભૂત બેસી રહેતા શિક્ષકોની વાતો એમાંનું કશું લખી શકાયું નથી. આટલું લખ્યું છે તો એ પણ લખી શકાશે? કાલની વાત કોણે જાણી છે?

લોકડાઉનની લોચાલાપસી કોણે કોણે ખાધી રે!
લેપટોપના પડદા માથે જેને જેને લાધી રે!
સંચાલક તો એમ વદે છે જાણે મછલી તાકી રે!
લેકિન મછલીબાઈ તળે તો જળ ભરવાનું બાકી રે!
જળની વાત કરી તો ભાઈ થોડું થોડું આપો ને,
પ્યાલી મારી ખાલીખમ ને ક્યાં ગઈ પેલી સાકી રે!
''રેડી?'' પૂછતાં કવિરાજ તો થયા ટટ્ટાર ને બોલ્યા રે,
બોલી બોલી બોલ્યા એ તો વરસો જૂની સાખી રે!
છેલ્લંછેલ્લે કવિરાજ પણ મધમીઠેરું મલકયા રે,
ખબર પડી ના કોણે કોણે કોને તાળી આપી રે!

-રણછોડ વી પરમાર

## ડિઝલ મોંઘુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એકતરફ સમગ્ર દેશ કોરોના મહામારીની ગંભીર અસર હેઠળ છે અને તેની સામે લડી રહ્યું છે, લાંબા લોકડાઉનને કારણે હજુ અર્થતંત્રની ગાડી પાટા ઉપર આવી નથી, બીજી તરફ મોંઘવારીના મારે લોકોના હાલ બેહાલ કર્યા છે. ત્યારે મોદી સરકારમાં સરકારી ઓઈલ કંપનીઓએ પોતાની તિજારી ભરવા માટે બળતણના ભાવમાં એકધારો વધારો શરૂ કર્યો છે. જેમાં આજે બુધવારે બે મુખ્ય બળતણમાંથી માત્ર ડીઝલના ભાવમાં સતત ૧૮માં દિવસે વધારો કરાયો છે. ૧૭ દિવસના વધારા બાદ આજે પેટ્રોલના ભાવમાં વધારો નથી થયો. પરંતુ બુધવારે ડીઝલના ભાવ ૪૮ પૈસા વધ્યા છે. આ સાથે દિલ્હીમાં એક લિટર ડીઝલના ભાવ ૭૯.૮૮ રૂપિયા સુધી બોલાઈ રહ્યા છે. આ વધારા સાથે હવે દેશના ઈતિહાસમાં પહેલીવાર ડીઝલ, પેટ્રોલથી પણ વધું મોંઘું થયું છે.

સૂત્રોએ કહ્યું કે, છેલ્લા ૧૭ દિવસથી પેટ્રોલમાં થઈ રહેલો ભાવવધારો આજે અટક્યો હતો અને આજે ફક્ત ડીઝલના ભાવમાં ૪૮ પૈસાનો વધારો નોંધાયો છે. તેના પગલે રાજધાની દિલ્હીમાં પેટ્રોલના ભાવ પ્રતિ લીટર ૭૯.૭૬ રહ્યા છે અને ડીઝલનો ભાવમાં વધીને ૭૯.૮૮ પ્રતિ લીટર થયો છે. આજના ભાવવધારા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨ પૈસાનો તફાવત રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પેટ્રોલ-ડીઝલમાં સતત થઈ રહેલ ભાવવધારાને પગલે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

સતત ભાવ વધારો ઝીંકીને ઓઈલ કંપનીઓ તીજોરી છલકાવી રહી છે. છેલ્લા ૧૮ દિવસથી ભાવવધારાથી સામાન્ય માણસની કમર તૂટી ગઈ છે. પેટ્રો પેદાશો પરની એક્સાઈઝ ડ્યૂટી વધારીને સરકાર પણ લોકો પર ભાવવધારાનો કોરડો વીંઝી રહી છે. કોરોના લોકડાઉનને કારણ ૮૨ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો તેની વસૂલાત ઓઈલ કંપનીઓ હવે વ્યાજ સાથે કરી રહી હોય એવું લાગે છે. ઓઈલ કંપનીઓએ જૂન ૨૦૧૭થી બંન્ને પેટ્રો પેદાશોના ભાવમાં દરરોજ વધઘટ કરવાની શરૂઆત કર્યા પછી તેમાં સૌથી મોટો વધારો થઈ રહ્યો છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, અન્ય દેશોમાં સામાન્ય રીતે ડીઝલના ભાવ પેટ્રોલ કરતા વધુ હોય છે. જેનું મુખ્ય કારણ એ હોય છે કે તેનો ઉત્પાદન ખર્ચ પેટ્રોલની સરખામણીએ વધારે હોય છે. પરંતુ ભારતમાં સરકારે અત્યાર સુધી સબ્સિડી અને ટેક્સના માધ્યમથી આને સસ્તું રાખવાનો પ્રયાસ કર્યો છે. કારણ કે ખેતી, ટ્રાન્સપોર્ટ અને વીજળી જેવા જરૂરી કામોમાં ડિઝલનો ઉપયોગ વધુ થાય છે.

ઉલ્લેખનીય છે કે મે, ૨૦૧૭ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં દર પંદર દિવસે વધારો કરવામાં આવતો હતો. પરંતુ ત્યારબાદ ઓઈલ કંપનીઓ દ્વારા દૈનિક ધોરણે ભાવવધારો કરવામાં આવે છે. લોકડાઉન દરમિયાન ૮૨ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સાત જૂનથી દૈનિક ધોરણે ભાવમાં ફેરફાર કરવાનું શરૂ કર્યુ છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવે છે પણ દરેક રાજ્યમાં વેટનો દર અલગ હોવાથી દરેક રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ અલગ અલગ જોવા મળે છે. આ અગાઉ દિલ્હીમાં ડીઝલનો સૌથી વધુ ભાવ ૧૬ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ ૭૫.૬૯ રૂપિયા હતો. જ્યારે પેટ્રોલનો સૌથી વધુ ભાવ ચાર ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ ૮૪ રૂપિયા હતો.

## પગાર વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારી હુકમમાં વ્યક્તિગત તાલીમ વિભાગ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે, કે કોરોના કટોકટી પછી ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વર્ષ ૨૦૧૯-૨૦ માટે એપીએઆર પૂર્ણ કરવાની અવધિ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦થી વધારીને માર્ચ ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણય બાદ ગ્રુપ એ, બી અને સીના અધિકારીઓને પગાર વધારા માટે માર્ચ સુધી રાહ જોવી પડશે. અત્રે નોંધનીય છે કે કર્મચારીઓએ સામાન્ય રીતે આ મૂલ્યાંકન પ્રક્રિયા ૩૧ મે સુધીમાં પૂર્ણ કરવાની રહે છે, પરંતુ લોકડાઉનને કારણે સરકારે પહેલા તેને ડિસેમ્બર ૨૦૨૦ સુધી વધારી હતા અને હવે તેને વધારીને માર્ચ ૨૦૨૧ કરવામાં આવી છે. એપીએઆર ફોર્મ કેન્દ્રીય કર્મચારીઓ માટે વૃદ્ધિ પ્રક્રિયાના પ્રથમ પગલું છે.

## રિફંડ અપાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવહન અસ્થાયી ધોરણે સ્થગિત કરવામાં આવ્યું હતું. લોકડાઉન પહેલાં, આઈઆરસીટીસી જેમણે ૧૪ એપ્રિલ ૨૦૨૦ પર અથવા તે પહેલાં ટ્રેનની મુસાફરી માટે ટિકિટ બુક કરાવી હતી તેમની સંપૂર્ણ રકમ પરત કરશે. આઈઆરસીટીસીના જણાવ્યા અનુસાર ભારતીય રેલવે દ્વારા સિસ્ટમમાં ટ્રેન રદ થયા બાદ મુસાફરો માટેની ટિકિટની સંપૂર્ણ રકમનું આપોઆપ રિફંડ શરૂ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર તાત્કાલિક મુસાફરી માટે વિશેષ ટ્રેનોને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવે કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે તાત્કાલિક મુસાફરી માટે ૨૩૦ વિશેષ ટ્રેનોનું સંચાલન ચાલુ રાખશે. કોરોના વાયરસના ચેપના ફેલાવાને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવેએ ૧૫ એપ્રિલ, ૨૦૨૦ પહેલા નિયમિત ટ્રેન સેવાઓમાં આરક્ષણ ટિકિટો સ્થગિત કરી દીધી હતી. લોકડાઉન પછી, ૨૫ માર્ચથી રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટરની તમામ નિયમિત ટ્રેન સેવાઓ રદ કરવામાં આવી હતી. ઉત્તર રેલવેએ આ ટ્રેનોના રૂટો બદલ્યા છે. માળખાગત સુવિધામાં સુધારો થતાં ઉત્તર રેલવેએ બિહાર સંપર્ક ક્રાંતિ, શહીદ એક્સપ્રેસ સહિત કેટલીક ટ્રેનોના રૂટ બદલાયા છે અને કેટલીક રદ કરવામાં આવી છે. ઉત્તર રેલવે દ્વારા જારી કરવામાં આવેલી ટ્રેનોની સૂચિ મુજબ, અમૃતસરથી જયનગર જતી ૦૪૬૭૪ શહીદ એક્સપ્રેસ ૨૧, ૨૩, ૨૫ અને ૨૬ જૂને જયનગરની જગ્યાએ સમસ્તીપુર આવશે. તે જ સમયે, શહીદ એક્સપ્રેસ ૦૪૬૭૩ (જયનગરથી અમૃતસર) ૨૪, ૨૫ અને ૨૭ જૂને જયનગરને બદલે સમસ્તીપુરથી ઉપડશે. યાદી મુજબ, સરયુ યમુના એક્સપ્રેસ (ટ્રેન નંબર ૦૪૬૫૦ અને ૦૪૬૪૯) ૨૨, ૨૩, ૨૪, ૨૬ અને ૨૮ જૂને સમસ્તીપુર જશે અને ત્યાંથી પણ ઉપડશે.

બિહાર જતા મુસાફરો માટે મોટી માહિતી સમાન એક બાબત એ છે કે નવી દિલ્હી આવતા બિહાર સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ (૦૨૫૬૫) નો માર્ગ પણ ફેરવવામાં આવ્યો છે. આ ટ્રેન સમસ્તપુરથી ૨૩ થી ૨૮ જૂન સુધી દોડશે નહીં. બિહાર સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસનો નવો રૂટ થોડા દિવસોથી દરભંગા-નરકતીયાગંજ થઈને ગોરખપુર તરફ ફેરવાયો છે. તેવી જ રીતે, દિલ્હી-દરભંગા સુપરફાસ્ટ ગોરખપુર ટ્રેન (૦૨૫૬૬) ૨૨ થી ૨૭ જૂન સુધી સમસ્તીપુર, મુઝફ્ફરપુર, હાજીપુરથી નહીં આવે. આ સમય દરમિયાન ટ્રેન નરકતીયાગંજથી સીધા દરભંગા તરફ જશે.

## દબદબો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાયરસ મહામારીના પ્રતિબંધો હોવા છતાં તેમને મળવા માટે હોટલમાં આવ્યાં હતાં. રાજનાથ સિંહે કહ્યું કે બંને વચ્ચે વાતચીત સકારાત્મક રહી હતી. તેમણે મને આશ્વાસન આપ્યું છે કે બંને વચ્ચે થયેલા કરારોને યથાવત રાખવામાં આવશે. માત્ર યથાવત જ નહીં પરંતુ અનેક મામલે ઓછા સમયમાં આગળ પણ ધપાવવામાં આવશે. ભારતના તમામ પ્રસ્તાવો પર રશિયા તરફથી સકારાત્મક પ્રતિક્રિયા મળી છે. ચર્ચાને લઈને સંપૂર્ણ સંતુષ્ટ છું.

## નવા 3 કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં નોંધાયેલા ૧૯૨ દર્દી પૈકી ૧૫૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે ૩૪ દર્દી હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૨૪૬ લોકો હાલ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

શહેરમાં અત્યાર સુધી કુલ ૭ દર્દીઓના સારવાર દરમિયાન મોત થયા છે. શહેરમાં પણ મૃત્યુઆંક વધી રહ્યો છે તેમજ કેસોની સંખ્યા પણ વધી રહી છે જેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.